### દહેગામ અને કલોલ નગરપાલિકાને સરકાર દ્વારા

# સફાઈ અભિયાન ઝૂંબેશ માટે ૧૫-૧૫ લાખ ગ્રાન્ટ ફાળવાઈ

ગાંધીનગર જિલ્લાની માણસા, પેથાપુર, દહેગામ અને કલોલ નગરપાલિકા વિસ્તારમાં શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ગુજરાત મ્યુનિસિપલ ફાયાનાન્સ બોર્ડ, ગાંધીનગરને વિવિધ માટેની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ રકમ તાજેતરના અતિભારે વરસાદથી થયેલ નુકશાન સાફ છે. તમામ ગામોમાં પીવાનું પાણી કલોરિનેશન કરી આપવામાં આવી રહ્યું છે. કયાંય પાણી ન ભરાઈ રહે વિસ્તારમાં પણ માર્ગો, સોસાયટી, વેપારી મથકો-માર્કેટ અને સેવા વસ્તી વિસ્તારમાં ભરાયેલા પાણીને દૂર કરીને ત્યાંથી કચરો ઉઠાવી લેવામાં આવી રહ્યો છે. તેમજ દવાનો પણ યોગ્ય છંટકાવ કરવામાં આવી રહ્યો છે.





શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ગુજરાત મ્યુનિસિપલ ફાયાનાન્સ બોર્ડ, ગાંધીનગરને તાજેતરમાં આવેલા ભારે વરસાદના પગલે રોગાચાળો ન ફેલાય અને નાગરિકોનું આરોગ્ય જળવાઈ રહે અને સફાઈ અભિયાનને વધુ વેગ મળી રહે તે માટે ગુજરાતની વિવિધ નગરપાલિકાઓને ખાસ સ્વચ્છતા માટેની જરૂરી ગ્રાન્ટ ફાળવવાનો હુકમ કર્યો છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાની દહેગામ અને કલોલ નગરપાલિકાને રૂપિયા ૧૫-૧૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

સ્વચ્છતા અભિયાન પુરજોશમાં આરંભ કરવામાં આવ્યું છે. નગરપાલીકા વિસ્તારમાં કોઇ પણ પ્રકારનો રોગચાળો ન ફાટી નીકળે તે માટે ખાસ તકેદારી પણ રાખવામાં આવી રહી છે. શહેરી વિકાસ અને નગરપાલિકાઓને સ્વચ્છતાની ગ્રાન્ટ તાત્કાલિક ફાળવવા માટે હુકમ કર્યો છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાની કલોલ અને દહેગામ નગરપાલિકાને પ્રત્યેકને ૧૫-૧૫ લાખ રૂપિયાની સ્વચ્છતા અભિયાન સફાઈ અને રોગચાળા નિયંત્રણના હેતું માટે વપરાશે.

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભારે વરસાદ બાદ કોઈ પણ રોગચાળો ન ફાટી નીકળે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી તથા નાના-મોટા ખાડામાં ભરાયેલા પાણીને દૂર કરવામાં આવી રહ્યું છે. તેમજ ત્યાં દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. તેમજ નગરપાલિકા



## ડીસામાં પૂર અસરગ્રસ્તોને ધાબળા અને કપડા વિતરણનો સંવેદનશીલ અભિગમ દર્શાવતા વિજયભાઈ રૂપાણી

ગાંધીનગર, તા. ૩૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી વરસાદી અસરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લાના રાહતકાર્યોમાં માર્ગદર્શન માટેના રોકાણના આજે બીજા દિવસે ડીસા પહોંચ્યા હતા.

વિજયભાઈ રૂપાણીએ ડીસામાં જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા પૂર અસરગ્રસ્તો માટે એકઠા કરાયેલા ધાબળા અને વસ્ત્રોનું ૫૦૦ જેટલા અસરગ્રસ્તોને વિતરણ કર્યુ હતું.

મુખ્યમંત્રી તેમના બનાસકાંઠાના રોકાણના બીજા દિવસે આજે મોટરમાર્ગે થરા અને રાધનપુર તાલુકાના અતિવૃષ્ટિ પ્રભાવિત ગામોમાં વહીવટીતંત્ર દ્વારા ચાલી રહેલા રાહતકાર્યોનું નિરીક્ષણ અને માર્ગદર્શન કરશે તથા પૂર આપત્તિગ્રસ્તોને પ્રત્યક્ષ મળવાના છે.

આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરી અને સાંસદ વગેરે પણ આ વિતરણ કાર્યમાં જોડાયા હતા.

### ડો. શૈલેન્દ્રસિંહ પરમાર, ધાનેરા યુથ કોંગ્રેસ મહામંત્રી જયેશભાઇ સોલંકીની કામગીરીને સલામ

# પૂરગ્રસ્ત લોકોના ઘરે જઈ સારવાર કરી દવા આપી

ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો. શૈલેન્દ્રસિંહ પરમાર અને ધાનેરા યુથ કોંગ્રેસ મહામંત્રી જયેશભાઈ સોલંકી ની કામગીરી ને જોઈ કોઈ પણ માણસ ને સલામ કરવાનું મન થાય, તો આ આજે રેફરલ ડો.શૈલેન્દ્રસિંહ પરમાર અને ધાનેરા યુથ કોંગ્રેસ મહામંત્રી જયેશભાઈ સોલંકી લોકો ના આરોગ્ય ને ધ્યાન માં લઈ પૂરગ્રસ્ત લોકો ના ઘરે ગયા હતા અને તમામ લોકો ને ચેક કરી ટીટમેટ કરી હતી



લોકોએ આવું તો શું કામ કર્યુ છે, જોઈએ આ રિપોર્ટમાં અત્યારે ધાનેરા માં પૂર ની પરિસ્થિતિ ને લઈ લોકો ભારે મુશ્કેલી નો સામનો કરી રહ્યા છે લોકો નું જીવવું પણ હરામ બની ગયું છે તંત્ર ધ્વરા લોકો ને પુરતી સુવિધા ન આપતા લોકો હેરાન થઈ ગયા છે તો બીજી તરફ ધાનેરા માં ભારે ગંદકી ને લઈ ને લોકો ના આરોગ્ય સામે ભારે ખતરો જોવા મળી રહ્યો છે ત્યારે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં પૂર નું પાણી ઘુસી આવતા સમગ્ર હોસ્પિટલ નષ્ટ થઈ જવા પામી છે અને છેલ્લા કેટલાય દિવસ થી ધાનેરા રેફરલ હોસ્પિટલ બંધ હાલત માં જોવા મળી રહી છે ત્યારે અને બીમાર લોકો ને દવા આપી સજા કાર્ય હતા ત્યારે ગરીબ દર્દીઓ ધ્વરા અને ધાનેરા ના લોકો ધ્વરા આ બંને લોકો ની કામગીરી ની પ્રશંસા કરી અને બંને અભિનંદન આપ્યા હતા આ બાબતે ડો.શૈલેન્દ્રસિંહ પરમાર અને ધાનેરા યુથ કોંગ્રેસ મહામંત્રી જયેશભાઈ સોલંકી નો સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે અમે અમારી ફરજ નિભાવી છેફ્રહી લોકોને મુશ્કેલી માં સાથ આપવાનું કામ કર્યુ છે ત્યારે હવે તંત્ર જાગે અને લોકો ના આરોગ્ય ને ધ્યાન માં રાખી તાત્કાલિક ધાનેરા ની રેફરલ હોસ્પિટલ ચાલુ કરાવે તેવું ધાનેરા ના લોકો ઈચ્છી રહ્યા છે.

# ધાનેરાના લોકો મુશ્કેલીમાં બુટલેગરો બન્યા બેફામ

### દારૂ ભરેલી ગાડીએ સર્જ્યો અકસ્માત ૧૦થી વધુ ઘાયલ

ધાનેરા તાલુકાના કરાધણી ગામ પાસે દારૂ ભરેલી ગાડી ના ચાલક ધ્વરા અકસ્માત સર્જતાં ૧૦ વધુ લોકો ને ગંભીર યાજ થવા પામી છે તો બીજી તરફ તમામ ઘાયલો ને સારવાર અર્થે ૧૦૮ ધ્વરા ધાનેરા ની પ્રાયવેટ હોસ્પિટલ માં ખસેડવમાં આવ્યા છે.

ધાનેરા માં પૂર ની પરિસ્થિતિ ને લઈ લોકો બેહાલ બની ગયા છે અને ઘર અને દુકાનની સફાઈ ના કામે લાગ્યા છે ત્યારે આજે ઠાકોર પરિવાર દુકાનની સફાઈ કરી પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો તે સમયે ધાનેરા તાલુકા કરાધણી ગામ પાસે દારૂ ભરેલી ગાડી ના ચાલક ધ્વરા પીકઅપ ડાલા ને ને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો ત્યારે પીકઅપ દાણા માં બેઠેલા ૧૦ થી વધુ લોકો ને ગંભીર ઈજા થતા સારવાર અર્થે ધાનેરા ની પ્રાયવેટ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા છે તો બીજી તરફ ગાડી માં દારૂ મળી આવતા ઘટના સ્થળે લોકો ના ટોળેટોળા ઉમટી પડ્યા છે.

સમગ્ર ઘટના ની જાણ ધાનેરા પોલીસ ને કરતા ધાનેરા પોલીસે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે અત્યારે ધાનેરા ગંભીર પરિસ્થિતિ ને લઈ ધાનેરા ના લોકો અત્યારે બેફામ બન્યા છે અને



તેમજ ધાનેરા પોલીસ કામમાં વ્યસ્ત બની છે તેતો લાભ લઈ બેટલેગરો ખુલ્લેઆમ દારૂ ની હેરાફેરી ચાલુ કરી છે.



### નવા સચિવાલય ખાતે સ્વાસ્થય વર્ધક ઉકાળો આર્યુવેદ દવાખાના ખાતે મળશે

ગાંધીનગર શહેરમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો ફેલાવવાની ભિતી છે. સતત સાત દિવસ વરસેલા વરસાદ બાદ નગરમાં જયા નજર કરો ત્યાં કાદવ કિચડ નજરે પડી રહ્યા છે. શહેરના નાગરીકોમાં તાવ, શરદી-ખાંસી, ઝાડા-ઉલ્ટી, કળતર થવી સહિતના દર્દીઓ મોટીસંખ્યામાં જોવા મળે છે. સરકારી અને પ્રાઈવેટ કલીનીક દર્દીઓથી ઉભરાય છે. ચોમાસાની સિઝનમાં ગંદકીને પગલે મચ્છરજન્ય રોગચાળો વધુ ફેલાય છે. હાલ ચાલી રહેલી સિઝનને સંલગ્ન રોગો સામે રક્ષણ આપવા માટે નવા સચિવાલય ખાતે આવેલ આર્યવુદે દવાખાના ખાતે સવારે ૧૧ થી ૧ કલાક સુધી સ્વાસ્થય વર્ધક આર્યુવેદ ઉકાળો વિનામુલ્યે આપવામાં આવશે. તેમજ સ્વાસ્થય રક્ષક ઉકાળાની સાથે રોગ પ્રતિકારક શકિત વધે તે માટેની દવાઓનું પણ વિતરણ કરવામાં આવે છે. તો આ ચોમાસાની સિઝનમાં શહેરના નાગરીકોને સ્વાસ્થય વર્ધક ઉકાળો પીવા માટે તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ડીસા પાસે બનાસ નદીમાં યુવક ડુબ્યો

ડીસાના શેરગંજ પાસે બનાસ નદીમાં ન્હાવા પડેલા પાંચ મિત્રો પૈકી એક યુવક ડુબી જતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી હતી. નદીમાં પાણીનું વહેણ વધારે હોવાથી જહાંગીર હુસેન ગોસી નામનો યુવક ડુબી ગયો હતો. જ્યારે અન્ય ચાર યુવકોનો અદ્ભુત બચાવ થયો હતો. મોડી સાંજે ફાયર ફાઈટર, પોલીસ અને સ્થાનિક તરવૈયાઓએ ભારે શોધખોળ કરી હતી. આ સમયે નદી કિનારે આસપાસના વિસ્તારમાંથી ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.



### પોલીસી સમીક્ષા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પ્રોડક્શનમાં ગ્રોથ મે મહિનામાં ૧.૭ ટકા હતો. જે એક વર્ષ અગાઉ આ જ મહિનામાં આઠ ટકા હતો. સવારમાં શેરબજારમાં તેજી રહી હતી. નવી દિલ્હીમાં એસોચેમના ટોચના લોકોનું કહેવું છે કે, એમપીસીની બેઠકમાં ફુગાવાના મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવનાર છે. રેપોરેટના સંદર્ભમાં લાંબા ગાળા સુધી યથા સ્થિતિ રાખવાને લઈને પણ અર્થશાસ્ત્રીઓ વધુ ટિપ્પણી કરવાના મુડમાં નથી એસોચેમ માને છે કે, આરબીઆઈ પોલિસી રેટમાં ઘટાડો કરી શકે છે. હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) ફુગાવો પણ ઘટ્યો છે. રેટમાં કાપનો કેસ મજબૂત થઈ રહ્યો છે. મોનસુનની સારી સ્થિતિ ફુગાવામાં ઘટાડો અને આર્થિક મોરચે તેજી જેવા પરિબળો પણ દેખાઈ રહ્યા છે.

### ભારે હોબાળો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

એમપી તેમજ ઝારખંડને મોબ લિન્ચિંગના કેન્દ્રો ગણાવ્યા હતા જ્યારે જવાબમાં ભાજપે પ્રશ્ન કર્યો હતો કે શું કોંગ્રેસ જમ્મુ-કાશ્મીરમાં ડીએસપી અય્યુબ પંડિતની ટોળા દ્વારા કરાયેલી હત્યાને મોબ લિન્ચિંગ નથી માનતી?

કોંગ્રેસે અગાઉથી જ જણાવ્યા મુજબ ગુજરાતમાં રાજયસભાની ચૂંટણી અગાઉ કોંગ્રેસના ધારાસભ્યોને ખરીદવાનો મુદ્દો પણ ઉઠ્યો હતો. સોમવારે ગૃહની કાર્યવાહી શરૂ કરાઈ કે તરત કોંગ્રેસના સાંસદોએ હંગામો મચાવ્યો હતો. પાર્ટીએ એવો આક્ષેપ કર્યો હતો કે ગુજરાતમાં કોંગ્રેસના ધારાસભ્યોનું હોર્સ ટ્રેડિંગ કરવામાં આવી રહ્યું છે. કોંગ્રેસના સાંસદો સંસદની વેલમાં ધસી ગયા હતા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. ત્યારબાદ અધ્યક્ષે ગૃહની કાર્યવાહી ૧૦ મિનિટ સ્થગિત કરી દેવી પડી હતી.

પુનઃ ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે કોંગ્રેસે ભારે બબાલ ચાલુ રાખી હતી. સરકાર તરફથી કેન્દ્રિય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ કોંગ્રેસ પર આરોપ લગાવતા જણાવ્યું હતું કે, ગુજરાતના કેટલાક જિલ્લામાં પૂરની સ્થિતિ હતી ત્યારે કોંગ્રેસે તેના ધારાસભ્યોને પિકનિક મનાવવા બેંગલુરુ મોકલી દીધા હતા. પ્રજાને પોતાના જનપ્રતિનિધિની જરૂર છે પરંતુ તેઓ બહાર મોજ મજા કરી રહ્યા છે.

### લોહીમાં છે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

છે. આપને જણાવી દઈએ કે, વિજય માલ્યા કોર્ટના આદેશ છતાં કોર્ટમાં હાજર થયા નહતા, અને વારંવાર કોર્ટના આદેશની અવગણના કરતા આવ્યા છે. વિજય માલ્યા ઉપર દેશની વિવિધ બેંકોના ૯ હજાર કરોડથી વધુની રકમની ઉચાપત કરીને દેશ છોડીને લંડન ભાગી જવાનો આરોપ છે. જસ્ટીસ જે. એસ. ખેહરનો કાર્યકાળ આગામી ૨૪ ઓગષ્ટના રોજ પુરો થશે. તેમણે દેશના આગામી મુખ્ય ન્યાયાધીશની નિયુક્તિ અને તેમના ઉત્તરાધિકારીના રુપમાં જસ્ટિસ દિપક મિશ્રના નામનું સુચન કર્યુ છે.

### સહમત નથી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

યાદવના નિવેદન પરથી સ્પષ્ટ થાય છે કે હજુ સુધી નારાજ છે અને તેમને મનાવાની એનડીએ નેતાઓની કોશિષ હજુ સુધી નિષ્ફળ રહી છે. જેડીયુના બીજા નેતા પણ હજુ સુધી ખૂલીને શરદ યાદવની સામે કંઈપણ બોલવાથી બચી રહ્યાં છે. પાર્ટી પ્રવક્તા કેસી ત્યાગીએ માત્ર એટલું જ કહ્યું કે શરદ તેમની પાર્ટીના મોટા નેતા છે અને પૂરા સમ્માનની સાથે તેમની વાત સાંભળશે. જો કે કેટલાંક જેડીયુ નેતા એમ ચોક્કસ કહી રહ્યાં છે કે શરદ રાજ્યસભા ભાજપાના સમર્થનથી જ પહોંચ્યા હતા.

### કલા મહાકુંભ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જયારે તા ૮ થી ૧૦ ઓગ્ષ્ટ દરમિયાન મહાનગરપાલિકા કક્ષાએ સ્પર્ધા યોજાશે. તા ૫ ઓગષ્ટના રોજ સે-૨૩ સ્થિ લલીત કલા અકાદમી ખાતે બપોરે ૧૨ કલાકે રાસ ગરબા સ્પર્ધા યોજાશે. તા ૩ અને ૪ ઓગષ્ટ દરમિયાન ઝોન કક્ષાની સ્પર્ધા યોજાશે. લલીત કલા અકાદમી , સ્વામિનારાયણ ધામ , ગૌપાલક કન્યા વિદ્યાલય તેમજ પી કે ચૌધરી મહીલા કોલેજ ખાતો ઝોન મુજબ સ્પર્ધા યોજાશે.જયારે તા ૮ થી ૧૦ ઓગષ્ટ દરમિયાન લલીત કલા અકાદમી તેમજ સ્વામિનારાયણ ધામ ખાતે સવારે ૯ વાગ્યાથી કલા મહાકુંભ અન્વયે વિવિધ સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે કલા મહાકુંભ અન્વયે જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા સ્પર્ધકો આગામી તા ૨૬ થી ૨ સપ્ટેમ્બર દરમિયાન પ્રદેશ કક્ષાએ ભાગ લેશે. તેમજ તા ૫ થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન રાજય કક્ષાએ ભાગ લેશે.

### બ્રિડીંગ મળી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે ચાર હજારથી વધુ મકાનોના સર્વેલન્સ દરમ્યાન ૧૦ હજારથી વધુ પાત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી છે.

વરસાદે વિરામ લેતાં જ તંત્ર દ્વારા એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવવામાં આવેલ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

DGGB દેના ગુજરાત ગ્રામીણ બેંક
ક્ષેત્રિય કાર્યાલયઃ સીવીલ હોસ્પીટલ સામે, હિંમતનગર

**પરિશિષ્ટ - ૪ (જુઓ નિયમ ૮ (૧)) કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી, દેના ગુજરાત ગ્રામીણ બેન્ક (ક્ષેત્રિય કાર્યાલય) એ સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨નો એક્ટ ૫૪) તથા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ સહિત વંચાતી કલમ ૧૩(૧૨),૧૩(૨) અંતર્ગત મળેલી સત્તાની રૂએ, નીચે મુજબના દેવાદારો / જામીનદારો / ગીરવેદારોતે જનની વેફર્સ એન્ડ નમકીન્સ પ્રા.લી.ના ડિરેક્ટર્સ (૧) નવનીતભાઈ મણીલાલ પટેલ (૨) સરોજબેન પ્રવીણભાઈ પટેલ (૩) તુષારભાઈ ગીરીશભાઈ પટેલ (૪) વૈશાલીબેન મનુભાઈ પટેલ અને જમીનદાર (૧) મહેશભાઈ રણછોડભાઈ પટેલ (૨) આનંદીબેન ગીરીશભાઈ પટેલને તા. ૨૯.૦૭.૨૦૧૬ ના રોજ માંગણા નોટિસ જારી કરીને નોટિસ મળ્યાના ૬૦ દિવસોનીઅંદર રૂ. ૯૯,૫૩,૯૧૯.૫૩ (અંકે રૂપિયા નવ્વાણું લાખ ત્રેપન હજાર નવ સો ઓગણીસ અને પૈસાત્રેપન પૂરા) તથાતે ઉપર ચઢતા વ્યાજ અને આકસ્મિક ખર્ચા સહિત રકમ પરત ચુકવવા જણાવ્યુ હતું.
બાકીદારો ઉપરોક્તરકમ પરત ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી દેવાદારો/ જામીનદારો / ગીરવેદારો તથા જાહેર જનતાનેઆ નોટિસ દ્વારા જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નિયમોના નિયમ ૮ અને ૯ સાથે વંચાણે લેતા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ નીચે સહી કરનારને મળેલ સત્તાનીરૂએ નીચે જણાવેલ મિલ્કતોનો પ્રતિકાત્મક કબજો લીધેલ છે.
ખાસ કરીને બાકીદારો અને જાહેર જનતાને આથીસ દર મિલ્કતો સાથે કોઈ પણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે તેમ છતાં મિલ્કતો અંગે કરેલ કોઈ પણ વ્યવહાર દેના ગુજરાત ગ્રામીણ બેક્રની રકમ રૂ. ૯૯,૫૩,૯૧૯.૫૩ (અંકે રૂપિયા નવ્વાણું લાખ ત્રેપન હજાર નવ સો ઓગણીસ અને પૈસાત્રેપન પૂરા) તથાતે ઉપર ચઢતા વ્યાજ અને આકસ્મિક ખર્ચા સહિતની રકમના ચાર્જને આધીન રહેશે.
તેમજ દેવાદાર / જામીનદાર/ગીરવેદારનું સરફેસી એક્ટ-૨૦૦૨ની કલમ ૧૩ ની પેટા કલમ ૮ અન્વયે બાકીદારને પોતાની મિલકતોનો પરત કબજો મેળવવા માટે મળેલ સમય મર્યાદા તરફ ધ્યાન દોરવામાંઆવે છે.

| દેવાદાર / જામીનદાર / ગીરવેદારનું નામ અને સરનામું | મોર્ગેજ કરેલ સ્થાવર મિલ્કતોનું વર્ણન | કબજો લીધા તારીખ |
|---|---|---|
| (૧) જનની વેફર્સ એન્ડ નમકીન પ્રા.લી.ના ડીરેક્ટર (૧) નવનીતભાઈ મણીલાલ પટેલ (૨) સરોજબેન પ્રવીણભાઈ પટેલ (3) તુષારભાઈ ગીરીશભાઈ પટેલ (૪) વૈશાલીબેન મનુભાઈ પટેલ. ૨/એપીએમસી માર્કેટ, નેશનલ હાઇવે નં. ૮, મોટા ચિલોડા, તા. જી. ગાંધીનગર. | હાયપોથીકેટેડ પ્લાન્ટ અને મશીનરી, ગુડ્ઝ વ્હીકલ,અને ફર્નિચર ફિક્ષ્ચર્સ. ૨/એપીએમસી માર્કેટ, નેશનલ હાઇવે નં.૮, મોટા ચિલોડા, તા. જી. ગાંધીનગર. | ૨૮-૦૭-૨૦૧૭ |
| (૨) જનની વેફર્સ એન્ડ નમકીન પ્રા.લી.ના જામીનદાર આનંદીબેનગીરીશભાઈ પટેલ ૩૨, શ્યામ રેસીડેન્સી, રાજધાની-૩ નજીક, મુ. કુડાસણ, તા.જી. ગાંધીનગર. | રહેણાંક મકાન સર્વે નં. ૯૪ એ, પ્લોટ નં. ૩૨, કુલ ક્ષેત્રફળ ૧૪૧.૩૭ ચો.મી., બાંધકામ ક્ષેત્રફળ ૧૭૦.૦૦ વાર, ગ્રાઉન્ડ ફ્લોર તથા પહેલો માળ, શ્યામ રેસીડેન્સી, રાજધાની-૩ નજીક, મુ. કુડાસણ, તા. જી. ગાંધીનગર. | ૨૮-૦૭-૨૦૧૭ |

તા. ૨૮-૦૭-૨૦૧૭
સ્થળઃ હિંમતનગર

સહી/-
અધિકૃત અધિકારી અને રિજીઓનલ મેનેજર
દેના ગુજરાત ગ્રામીણ બેન્ક